# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરસ્પર સહયોગ માટે સમજૂતી

ગાંધીનગર, તા. ૨૯

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ દ્વારા ૨૭મી જુલાઈ, ૨૦૨૦ના રોજ શારીરિક શિક્ષણ, સાહસપૂર્ણ રમતો, સ્પોર્ટસ સાયન્સ તથા સ્પોર્ટસ જર્નલિજમ અને માસ મીડિયા ટેક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન અને તાલીમ અંગે પ્રોત્સાહન અને સહકાર માટે સમજુતી કરાર કરવામાં આવ્યાં. આ પ્રસંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢના કુલપતિ પ્રો. ડૉ. ચેતન ત્રિવેદી એ આ પ્રસંગે જણાવેલ કે આ જુનાગઢ તથા ગીર-સોમનાથ પંથકના વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી લાભ મળી શકશે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના આદરણીય કુલપતિ તથા ફીટ ઇન્ડિયા મુવમેન્ટના બ્રાંડ એમ્બેસેડર અને નોડલ ઓફિસર ડૉ. અર્જુનસિંહ રાણાએ કહ્યું હતું કે, હાલમાં કોરોના સંક્રમણના સમયને આફતમાંથી અવસરમાં બદલવાની જરૂરછે અને પરમ નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સાથે કાર્ય કરી એકબીજાના પૂરક થઈ

સંયુક્ત ઉપક્રમે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ૧૬૨ સંસ્થાઓના અધ્યાપકો, પ્રાધ્યાપકો, શારીરિક શિક્ષણ નિયામકો તથા કોચીઝ માટે Faculty Development Programme વેબીનાર દ્વારા આવનારા દિવસોમાં યોજશે અને ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય વિજય રૂપાણી સાહેબના "Sports Education for All"ના મિશનને સાકાર કરવા કટીબધ્ધતા દર્શાવેલ તથાઆ પંથકમાં ફીટ ઇન્ડિયા મુવમેન્ટના પ્રચાર-પ્રસાર અનેતે અંતર્ગત વિવિધ કાર્યો અંગે પરસ્પર સહયોગનો દૃઢ સંકલ્પ કર્યો હતો.

# આઈઆઈટી ગાંધીનગર દ્વારા સંચાલિત સૌપ્રથમ વર્ચ્યુઅલ એસીએમ-ડબલ્યુ ગ્રેડ કોહોર્ટનું સમાપન

ગાંધીનગર, તા. ૨૯

કમ્પ્યુટિંગ ક્ષેત્રની મહિલાઓ માટેની પેન-ઈન્ડિયા વર્ચ્યુઅલ વર્કશોપ, એસીએમ ઈન્ડિયા ગ્રેડ કોહોર્ટની ત્રીજી આવૃત્તિ ૨૪ થી ૨૬ જુલાઈ, ૨૦૨૦ દરમિયાન યોજવામાં આવી હતી, જેને ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરે (આઈઆઈટી ગાંધીનગર) હોસ્ટ કરી હતી. આઈઆઈટી ગાંધીનગર, એસીએમ-ડબલ્યુ ઈન્ડિયા કાઉન્સિલ (એસોસિએશન ફોર કમ્પ્યુટિંગ મશીનરીની ઈન્ડિયા કાઉન્સિલ ઓન વુમન ઈન કમ્પ્યુટિંગ), અને એસીએમ ઈન્ડિયા કાઉન્સિલ દ્વારા સાથે મળીને આ વર્કશોપનું આયોજન કરાયું હતું, જેને ગૂગલ અને ટીસીએસ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. ત્રણ દિવસની ઓનલાઈન ઈવેન્ટને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો કારણકે વર્કશોપ માટે કમ્પ્યુટિંગ ક્ષેત્રની ૨૦૦ થી વધુ સ્નાતક વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું અને ૧૬ સત્રોમાંથી પ્રત્યેકમાં ૧૦૦ થી વધુએ ભાગ લીધો હતો.

> આ ઓનલાઈન વર્કશોપ માટે કમ્પ્યુટિંગ ક્ષેત્રની ૨૦૦ થી વધુ સ્નાતક વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું અને વર્કશોપ દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહિલા નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવ્યું હતું

વર્કશોપનો પ્રારંભ કાર્યક્રમના સહ-આયોજકો- પ્રો. નિલધારા મિશ્રા, આઈઆઈટી ગાંધીનગરમાં કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગના ફેકલ્ટી અને એસીએમ-ડબલ્યુના સભ્ય; ડૉ. હિના તિમાની, એસીએમ-ડબલ્યુ, ઈન્ડિયાના અધ્યક્ષ અને ડેટા-એનાલિટિક્સ સ્ટાર્ટઅપના સહ-સ્થાપક અને ડિરેક્ટર; અને આઈઆઈટી બોમ્બેમાં કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના ફેકલ્ટી અને એસીએમના વાઈસ-ચેરપર્સન પ્રો. નૂતન લિમાયે દ્વારા ઓપનિંગ રીમાર્ક્સથી થયો.

વર્કશોપમાં દુનિયાભરના કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ ક્ષેત્રના અનુભવી મહિલા સંશોધકો સાથે રસપ્રદ ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ કમ્પ્યુટિંગ ક્ષેત્રની ભારતીય મહિલા સ્નાતક વિદ્યાર્થીનીઓને તેમના સ્નાતક વર્ષો અને તેનાથી આગળની વિવિધ પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કરવો તા અંગે મદદ કરવાનો હતો.

આ વર્કશોપનું પ્રથમ મુખ્ય પ્રવચન આઈઆઈટી બોમ્બેના કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના પ્રોફેસર ડૉ સુનિતા સરવાગીએ ૨૪ મી જુલાઈ, ૨૦૨૦ ના રોજ "મશીન લર્નિંગ મોડેલ્સ: ફ્રોમ બર્થ ટુ સર્વિંગ ધ રીઅલ-વર્લ્ડ" વિષય પર આપ્યું હતું.

મશીન લર્નિંગ મોડેલોની સફર અને લોકપ્રિયતા વિશે જણાવતાં ડૉ સરવાગીએ જણાવ્યું હતું કે, "મશીન લર્નિંગ ફક્ત કમ્પ્યુટર સાયન્સ જ નહીં પરંતુ સંભવત સાયન્સ સંબંધિત બધા ડોમેન્સના સૌથી લોકપ્રિય ક્ષેત્ર તરીકે વિકસ્યું છે. મશીન લર્નિંગ મોડેલોના વાસ્તવિક-વિશ્વમાં હજારો ઉપયોગો છે, જેનો આધાર પ્રાપ્ત થતાં ઈનપુટ્સના પ્રકાર પર છે. તાલીમ માટે મોટી સંખ્યામાં લેબલ થયેલ ડેટાની ઉપલબ્ધતા, હાર્ડવેરમાં ક્રમિક પ્રગતિ અને એન્જિનિયરિંગ યુક્તિઓ સાથે અલ્ગોરિધમના સુધારાથી મશીન લર્નિંગે રેકોર્ડ-બ્રેકિંગ ચોકસાઈ પ્રાપ્ત કરી છે જે માનવ ક્ષમતાને પણ વટાવી શકે છે. આણે તેને વસ્તુ અને વાણીની ઓળખ, ભાષાંતર અને તેવા ઘણા કાર્યોમાં ઘણી પ્રસિદ્ધિ આપી. મશીન લર્નિંગ મોડેલોમાં યાદ કરવાની શક્તિ વધુ હોય છે અને તેથી તે શ્રેષ્ઠ પેરફોર્મન્સ આપે છે."

# ભારતની જમીનની ઓળખ, જમ્મુ અને કાશ્મીરમાં જીવન પરિવર્તિત કરી રહેલ કેવીઆઈસી

**પ્રસંગસર**

**આર. સુદર્શન**

આ જ વર્ષે ફેબ્રુઆરીનો મહિનો હતો, જ્યારે ભારતને કોરોના વૈશ્વિક મહામારી સામે સજાગ થવાનું બાકી હતું. જન-જીવન સામાન્ય રીતે ચાલી રહ્યું હતું. દિલ્હીના કનોટ પ્લેસમાં આવેલ ખાદી ગ્રામોદ્યોગ ભવનનો જીર્ણોદ્ધાર થયો હતો અને ત્યાંની મારી આકસ્મિક યાત્રા દરમિયાન મેં જોયું કે, ખાદીના કેટલાક રૂમાલોને પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. સ્વાભાવિક રીતે ખાદીના વ્યાપક ઉત્પાદનોની વચ્ચે તે એક નવું ઉત્પાદન હતું. સુતરાઉ કપડાના હિમાયતી હોવાના કારણે હું તેમાંથી કેટલાક રૂમાલો લેવા જતાં પોતાની જાતને રોકી શક્યો નહિ. જોકે એવું નથી કે, તેની ગુણવત્તાના કારણે મારુ ધ્યાન તેના તરફ આકર્ષિત થયું પરંતુ તે પેકેટની પાછળ છાપવામાં આવેલ ચિત્ર ઉપર મારી નજર પડી જેમાં રૂમાલની સિલાઈ કરનારી કેટલીક મહિલાઓને દર્શાવવામાં આવી હતી. તે ચિત્રએ મને પોતાના તરફ આકર્ષિત કર્યો. તે ચિત્ર લાગણીની દ્રષ્ટિએ તરત જ હલાવી દેવા માટે ઘણું મજબૂત હતું.

જિજ્ઞાસાવશ મેં ખાદીના રૂમાલ વિષે વધારે માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો કે, જે ખાદી ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલ અત્યાર સુધીનું સૌથી ઓછી કિમત ધરાવતું ઉત્પાદન છે. ગૂગલ પર સર્ચ કરવાથી મને તરત જ ખબર પડી કે, રૂમાલોને વેચાણ માટે ડિસેમ્બર ૨૦૧૯માં લોન્ચ કરવામાં આવ્યા હતા. તેના કારણે તે ઉત્પાદન અનેક પંક્તિ ઉપર ચઢી ગયું. તે કેન્દ્રએ ૨૦૧૬માં ખાદીના રૂમાલોની સિલાઈ શરૂ કરી હતી. ત્યાં કાશ્મીર ખીણ પ્રદેશના આતંકવાદથી અસરગ્રસ્ત પરિવારોની લગભગ ૩૦૦ મહિલા કારીગરોએ ખાદીના આ રૂમાલોની સિલાઈ કરી હતી. તેણે મને ખાદી અને ગ્રામોદ્યોગ સંસ્થા (કેવીઆઈસી)ની તે પહેલ વિષે માહિતી આપી કે, જેણે અનિવાર્ય રીતે આ મહિલાઓના જીવનમાં એક પરિવર્તન લાવવાનું કામ કર્યુંહતું. આ રીતે આ મહિલાઓ બધા જ અવરોધો હોવા છતાં આગળ વધવા અને સન્માનજનક આજીવિકાની સાથે જીવન ચલાવવામાં સફળ રહી. તેઓ 'સશક્તલ્ર મહિલાઓ હતી કે, જે દરરોજ ૧૦,૦૦૦થી વધુ રૂમાલોનું ઉત્પાદન કરતી હતી.

કેટલાક મહિનાઓ પછી જ્યારે કોવિડ-૧૯ને અટકાવવા માટે દેશવ્યાપી લોકડાઉન લગાવવામાં આવ્યું તો જમ્મુમાં મહિલાઓને તે જ સમુદાયે કોરોના વિરુદ્ધની લડાઈમાં સૌથી અસરકારક સાધન – ફેસ માસ્કના ઉત્પાદનમાં દેશનું નેતૃત્વ કર્યું. એપ્રિલ ૨૦૨૦માં કેવીઆઈસીએ પોતાના નગરોટા કેન્દ્રને માસ્ક સિલાઈ કેન્દ્રમાં પરિવર્તિત કરી નાખ્યું અને આ મહિલા કારીગરો સુતરાઉ ખાદી ફેસ માસ્કના ઉત્પાદનમાં લાગી ગઈ. આ માસ્ક માત્ર ત્વચા માટે જ સુયોગ્ય નહોતા, પરંતુ સાથે-સાથે તેમને ધોઈને બીજી વખત ઉપયોગ પણ કરી શકાય તેવા હતા. આ સાથે જ ખાદીનું સૌથી સસ્તું ઉત્પાદન હતું, જેની કિંમત માત્ર ૩૦ રૂપિયા રાખવામાં આવી હતી.

સમાચાર અહેવાલોમાં જણાવ્યા અનુસાર, માત્ર જમ્મુ અને કાશ્મીર સરકારે જ ૭.૫ લાખ ખાદી ફેસ માસ્ક માટે ઓર્ડર આપ્યો હતો. તેનો ઉદ્દેશ્ય માત્ર પોતાના લોકોને આ બીમારી સામે બચાવવાનો જ નહોતો પરંતુ સાથે-સાથે આર્થિક સંકટ દરમિયાન જમ્મુ અને કશ્મીરના કારીગરોની મદદ કરવાનો પણ હતો. ખાદીના માસ્કે નગરોટા જેવા નાના શહેરના આ સિલાઈ કેન્દ્રએ રાષ્ટ્રપતિ ભવન, પ્રધાનમંત્રી આવાસ, કેન્દ્ર સરકારના અનેક મંત્રાલયો, રાજ્ય સરકારો અને સાર્વજનિક એકમો સિવાય દેશની એક બહુ મોટી વસ્તી સુધી પોતાની પહોંચ બનાવી છે.

સંકટને અવસરમાં પરિવર્તિત કરવાનો શ્રેય આ ગાંધીવાદી સંગઠનને જાય છે. કારીગરોને ઓછામાં ઓછા સમયમાં ફેસ માસ્કની સિલાઈ કરવા માટે નવી રીતે તાલીમ આપવામાં આવી કે, જેથી દેશમાં માસ્કની વધતી માંગને પૂરી કરવા માટે ઉત્પાદન વધારી શકાય કારણ કે, કોરોનાના કેસો દરરોજ વધી રહ્યા છે. જ્યારે મને ખબર પડી કે, કેવીઆઈસીએ લોકડાઉન દરમિયાન ખાદીના માસ્ક બનાવનાર કારીગરોને ૫૦ લાખ રૂપિયા કરતાં વધુની ચુકવણી કરી છે તો હું આશ્ચર્યચકિત હતો કારણ કે તે સમય દરમિયાન અન્ય બધી જ પ્રવૃત્તિઓ બંધ હતી.

જમ્મુ અને કાશ્મીરમાં ગાંધીવાદી સંગઠનની પ્રવૃત્તિઓ અનેકગણી વધુ વૈવિધ્યપૂર્ણ છે. તેમાં મધ મિશન અંતર્ગત મધ ઉત્પાદનમાં રાજયની અપાર ક્ષમતાનું દોહન, કુંભાર સશક્તિકરણ યોજનાના માધ્યમથી સમુદાયને સશક્ત બનાવવા અને કેન્દ્ર સરકારની પ્રમુખ યોજના પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજેપી)ના માધ્યમથી બેરોજગારો માટે રોજગાર ઉત્પન્ન કરવાનો પણ સમાવેશ થાય છે.

એક આપત્તિ વ્યવસ્થાપન અને સંઘર્ષ પછી પુનરુત્થાન વ્યાવસાયિક તરીકે મને અસાધારણ અને આકસ્મિક પરિસ્થિતિઓમાં દેશભરમાં યાત્રા કરવાનો વિશેષ અધિકાર પ્રાપ્ત થયેલો છે. જમ્મુ જિલ્લાના આવા જ એક અભ્યાસ દરમિયાન મને એ જાણીને ઘણું સુખદ આશ્ચર્ય થયું કે, લોકડાઉન દરમિયાન પણ કેવીઆઈસીએ કઈ રીતે પોતાની પ્રવૃત્તિઓને ચાલુ રાખી. જમ્મુમાં કેવીઆઈસીના સ્થાનિક અધિકારીઓ સાથે વાતચીત કર્યા પછી મને જાણવા મળ્યું કે કેવીઆઈસીએ કઈ રીતે રાજ્યની વિશેષ ઓળખ જાળવી રાખીને ત્યાંની મહિલાઓ, યુવાનો અને ખેડૂતોને સ્વરોજગાર કાર્યક્રમો સાથે જોડવા માટે એક વ્યાપક યોજના બનાવી હતી.

સરકારે આતંકવાદના મૂળ કારણના રૂપમાં અશિક્ષણ અને રોજગારના અભાવને ઓળખ્યો છે. એટલા માટે તેણે જમ્મુ અને કાશ્મીરના લોકો માટે પોતાનો ખજાનો ખોલી નાખ્યો છે જેથી તેમને પોતાના ઉત્પાદન એકમોની સ્થાપન કરવામાં અને રોજગાર નિર્માણ કરવા માટે લાયક બનાવવામાં મદદ કરી શકાય. મને એ જાણીને આશ્ચર્ય થયું કે, કેવીઆઈસીએ જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૧૯-૨૦ દરમિયાન ૫૦૦૦થી વધુ પરિયોજનાઓની સ્થાપનામાં મદદ કરી હતી, જેના વડે રાજ્યમાં લગભગ ૪૩,૦૦૦ નોકરીઓનું નિર્માણ થયું હતું.

કેટલાક દિવસો બાદ સેનાના એક વરિષ્ઠ અધિકારી સાથે વાતચીતમાં આયોગની પ્રવૃત્તિઓનું એક બીજું રસપ્રદ પાસું જાણવા મળ્યું. ગાંધીવાદી સિદ્ધાંતો ઉપર કામ કરવા માટે ખ્યાતનામ આ સંસ્થાએ ભારતીય સેના સાથે મળીને રાજ્યમાં એક અનોખી પહેલ શરૂ કરી છે. તેણે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં એવા ખેડૂતોની વચ્ચે ૨,૩૩૦ મધમાખીના બોક્સનું વિતરણ કર્યું છે કે, જે આર્થિક વિકાસથી હંમેશા દૂર જ રહ્યા હતા. સંજોગોવશાત કુપવાડા અને બારામુલાને નીતિ નિર્માણ માટે ભારત સરકારના ટોચના થિંક ટેક નીતિ આયોગ દ્વારા મહત્વાકાંક્ષી જિલ્લાના તરીકે ઓળખી કાઢવામાં આવ્યો છે.

વિશાળ પ્રાકૃતિક સંસાધનો અને સમૃદ્ધ વનસ્પતિઓનું દોહન કરવા માટે કેવીઆઈસીએ રાજ્યમાં લગભગ ૬૦૦૦ મધમાખીના ડબ્બાનું વિતરણ કર્યું છે. કેવીઆઈસી જમ્મુ અને કાશ્મીરને મધના ઉત્પાદન માટે અત્યંત ઊંચાઈ ધરાવતા એક કેન્દ્રના રૂપમાં વિકસિત કરવાની યોજના બનાવી રહ્યું છે.

ખાદી એકમ યુવાનોને કટિંગ અને સિલાઈ, મહેંદી ડિઝાઈન, ભરતકામ, મોબાઈલ રિપેરિંગ વગેરેની તાલીમ પણ આપે છે. સાથે જ તે તેમને પીએમઈજીપીની હદ રેખામાં લાવીને ટેકો પણ આપી રહ્યું છે. કુંભારોની વચ્ચે વિદ્યુત ચાકળાની તાલીમ અને વિતરણ, ચામડાના કારીગરો (મોચી)ને લેધર ટૂલ કીટ પૂરી પાડવી વગેરે જમ્મુ અને કાશ્મીરમાં કેવીઆઈસી દ્વારા શરૂ કરવામાં આવેલ અન્ય પ્રવૃત્તિઓ છે, જેમણે રાજ્યમાં સતત વિકાસના નવા માર્ગો ખોલી નાખ્યા છે.

કેવીઆઈસી ગ્રામીણ વિકાસમાં સૌથી આગળ રહ્યું છે અને તે સરકારના એવા મહત્વપૂર્ણ હથિયારોમાંનું એક છે કે, જે પાયાના સ્તર પર પરિવર્તન લાવવાના કાર્યક્રમો અને સંવેદનાઓ દ્વારા સમાન રૂપે સંચાલિત છે. ત્યાં સુધી કે સૌથી વધુ મુશ્કેલ ઘડીમાં પણ કેવીઆઈસીએ દિપક પ્રગટાવ્યો છે અને અંધકારમાં ઉજાસ ફેલાવ્યો છે. કોઈપણ રાષ્ટ્રની પરિસંપત્તિઓની જુદી-જુદી ભાત અને ઓળખ હોય છે. પરંતુ કેવીઆઈસી એક કાર્યક્રમને લગતી પરિસંપત્તિ છે જેની એક ભૂમિગત ઓળખ છે અને જેમાં સમાજની અંદર સતત પરિવર્તન લાવવાની ક્ષમતા ઉપસ્થિત છે.

**(લેખક સંયુક્ત રાષ્ટ્ર વળતર સંસ્થા, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પૂર્વ વરિષ્ઠ કાર્યક્રમ અધિકારી અને સલાહકાર છે.)**

# પવિત્ર બંધન, રક્ષાબંધન

મને બધા તહેવારોમાં રક્ષાબંધન સૌથી વધારે ગમે. નામ જ કેટલું સરસ છે, રક્ષા-બંધન! ભાઈ બહેનની રક્ષા કરવાનું વચન આપે છે અને એ જ વખતે બહેન ભાઈના કાંડે એના દીર્ઘાયુની પ્રાર્થના કરતી રાખડી બાંધે છે.

ભાઈ માટે બહેન અને બહેન માટે ભાઈ આ દુનિયામાં ઈશ્વરે આપેલી સર્વોત્તમ ભેંટ છે. એમાય જ્યાં બંને સરખે સરખી ઉંમરના હોય ત્યાં તો પૂછવું જ શું? બધી બહેનોના મનની વાત એમના ભાઈઓ માટે કદાચ સરખી જ હશે, જે એ કહી નથી શકતી. આજે એ ના કહેવાયેલી લાગણી વ્યક્ત કરવાનો હું પ્રયાસ કરું છું.

મારા વીરા તું મને કેટલો વ્હાલો છે એ હું તને ક્યારેય શબ્દોમાં જણાવી નહીં શકું અને ખરું પુછો તો એની જરૂર જ નથી. તું ફક્ત મારો ભાઈ જ થોડો છે? બાળપણમાં સૌથી પહેલા મારી દોસ્તી જે છોકરા સાથે થઈ હતી એ તું છે. જેની સાથે હું રમતી, લડતી, ઝઘડતી, ક્યારેક મારી બેસતી અને રિસાઈ જતી એ તું જ તો હતો. જ્યારે પણ મારો કોઈનો સાથે ઝઘડો થતો ત્યારે વાંક કોનો છે એ જાણ્યા-પૂછ્યા વિના હંમેશા મારા પક્ષે તું ઊભો રહ્યો છે. મારા માટે થઈને બાકીના બધા સાથે તું લડ્યો છે. ખાનગીમાં તે મને અને મેં તને હંમેશા સાચી સલાહ જ આપી છે અને એમાં ક્યારેય મતભેદ હોય તોય એની જાણ દુનિયાને નથી થવા દીધી. મારી બધી કમજોરી

અને તાકાતને તું સારી રીતે જાણે છે, જ્યાં જરૂર પડી તે મને ટેકો આપ્યો છે અને જ્યાં હું એકલી પડી ત્યાં તે સાથ આપ્યો છે.

કોઈ પણ સ્ત્રી હોય એ ભલે ગમે એટલી પુરુષ સમોવડી બનવાની વાતો કરે પણ હકીકત એ છે કે અંદરથી તો એ

## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

જીવનના ડગલે ને પગલે કેટલાક પુરુષોનો સહકાર ઝંખતી હોય છે. જ્યાં સ્ત્રીને એવા પુરુષોનો સાથ મળે છે ત્યાં જ એની પ્રતિભા સોળેકળાએ ખીલીને બહાર આવે છે. સ્ત્રીના જીવનમાં આવતા આવા પ્રેમાળ પુરુષોમાં સૌથી પહેલું નામ આવે એનાં પિતાનું અને એનાં પછી તરત જ નામ આવે એનાં ભાઈનું. ભલે ભાઈ બહેન કરતાં નાનો હોય કે મોટો, બાળપણના ભેરુથી લઈને સાસરે અણવર બનીને સાથે આવતો ભાઈ બહેન માટે મોટો સધિયારો હોય છે.

તને યાદ છે તું નાનો હતો ત્યારે તારા કેટલા બધા સિક્રેટ હું સાચવીને રાખતી હતી. કોઈ વાર કોઈની સાથે લડાઈ કરીને આવ્યો હોય, કે ક્યારેક ટ્યુશન ના જવું હોય, કોઈ ટેસ્ટમાં ઓછા માર્કસ આવ્યા હોય, કે કોઈ છોકરી ગમવા લાગી હોય... આ દરેક વખતે તને પપ્પાની થોડી બીક લાગતી પણ મારી પાસે આવી તું બધી વાત કરતો અને હું કહેતી કઈ વાંધો નહીં, બધુ ઠીક થઈ જશે!

આપણે મોટા થયા પછી એક તબક્કો એવો આવ્યો કે આપણી વચ્ચેનો ઉંમરનો ભેદ જ ખોવાઈ ગયો. હું મારી કૉલેજની બધી વાતો તારી સાથે વહેંચી શકતી. સેનિટરી પેડ લેવા મેડિકલસ્ટોર જતાં મને સંકોચ થતો એ વાત તું મારા કહ્યા વગર સમજી શકેલો અને પછીથી એની ખરીદી તું જ કરી લાવતો, મારી જાણ બહાર મારા ટેબલ ઉપર એનાં પેકેટ મુકાઈ જતાં. એ ક્ષણે તું મારા માટે મા સમાન હતો.

હું સાસરે ગઈ અને જીવનમાં પહેલીવાર આપણે છૂટા પડ્યા, ત્યારે સૌથી વધારે મેં તને યાદ કરેલો. એ પછી હું જ્યારે પણ પિયરમાં રોકાવા આવી મેં તારામાં મોટો બદલાવ જોયેલો, જે ટીવીના રિમોટ માટે આપણે કલાકો ઝઘડતાં એ સામેથી તું મને આપી દેતો થઈ ગયેલો...

આજના આ પવિત્ર દિવસે હું તને એટલું જ કહીશ કે વધતી જતી જવાબદારી અને કામના ભારણ હેઠળ ભલે આપણે પહેલાની જેમ ના વર્તી શકીએ પણ મનથી તો તું હંમેશા મારો બેસ્ટ ફ્રેન્ડ અને મારો સાથીદાર છે. જીવનની કોઈ પણ પરિસ્થિતી હોય તારી આ બહેન તારો સાથ ક્યારેય નહીં છોડે.

@kapadianiyati

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૮૦ લાભાર્થીને ૧૧ વસ્તુનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૯

મોડાસા તાલુકાનાં છાત્રેશ્વરી અને વાંટડા ગામનાં ૮૦ લાભાર્થીઓને ૨ કિ.ગ્રા, ચા, મગદાળ, મગ, તેલ, સાબુ જેવી ૧૧ વસ્તુનું વિતરણ કરવામમાં આવ્યું હતું. આ સાથે બધાને બેંક ઓફ બરોડાની કાપડ થેલી આપવામાં આવી હતી.

ડૉ. સુરેશ શાહ તરફથી પ્રોયોજિત આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ, દર્શન મોદી, મહર્ષિ તથા દિનેશભાઈ સાથે હતા. દર રવિવારે યોજાતા ખીચડી શાકના કાર્યક્રમ માટે ૪૦ કિ.ગ્રા. સીધુ, નાસ્તો અને મમરાના લાડુ છાત્રેશ્વરી માટે અલગ ફાળવવામાં આવ્યા હતા.

# જન્મદિને વધામણી

**વિવેકસિંહ છત્રસિંહ ચૌહાણ**
સેક્રેટરી, જેસીઆઈ ગાંધીનગર, જોઈન્ટ ટ્રેઝરર, લાયન્સ ક્લબ, ગાંધીનગર



**ઋષિકેશભાઈ માંડલિયા**
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮

**જીજ્ઞેશભાઈ કાંતિલાલ પટેલ**



**ગીતાબેન ચૌહાણ**
લાયોનેસ ક્લબ

**મોનાલી ગજ્જર**
લાયોનેસ ક્લબ

**અર્ચના દવે**
લાયોનેસ ક્લબ

**રિતીકા વિનોદભાઈ મેણાત**
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮

**શ્રીમતી અવંતિકાબા ધાંધલ**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ

**સંજયભાઈ એ પ્રજાપતિ**
મો. ૯૮૨૫૭ ૮૩૩૪૫



**ફૈઝાન મન્સુરી**
મો. ૯૬૬૨૫ ૦૦૭૪૧

**જોષી જયેશકુમાર**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ